## આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના કૃષિ વિજ્ઞાન કેન્દ્રોની રીવ્યુ બેઠક યોજાઇ

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના ત્રણ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો (દેવાતજ, અરણેજ, દાહોદ)ની રીવ્યુ મીટીંગ તારીખ ૨૮.૦૮.૨૦૨૩ ને સોમવારના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દાહોદ ખાતે આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના માન. કુલપતિશ્રી, ડૉ. કે.બી. કથીરીયા સાહેબશ્રીના અધ્યક્ષપણા હેઠળ યોજવામાં આવેલ હતી. જેમાં વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદ ડૉ. એચ. બી. પટેલ સાહેબ તેમજ દરેક કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા તથા સર્વે વૈજ્ઞાનિક હાજર રહ્યા હતા.

ઉપરોક્ત બેઠકમાં ડૉ. એચ. બી. પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદ દ્વારા નવા અભીગમો જેવા કે ટેરેશ ગાર્ડન, કિચન ગાર્ડન, પ્રાકૃતિક કૃષિ વગેરે વિષયો ઉપર વિવિધ તાલીમ કાર્યક્રમ કરવા તેમજ વિવિધ કૃષિ સંલગ્ન વિભાગો સાથે રહી પ્રચાર પ્રસાર કરવા જણાવ્યુ. માન. કુલપતિશ્રી દ્વારા સર્વે વૈજ્ઞાનિકશ્રીઓના પોતાના કેન્દ્ર દ્વારા માહે એપ્રિલ થી જુલાઇ, ૨૦૨૩ દરમ્યાન થયેલ વિવધ પ્રવૃત્તિઓની સમિક્ષા કરવામાં આવી હતી. વધુમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દાહોદ દ્વારા કરવામાં આવતી પ્રાકૃતિક કૃષિ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ તથા નિદર્શન યુનિટની મુલાકાત લીધી અને બીજા કેન્દ્રો પર પરિસ્થિતી અનુરૂપ વિવિધ નિદર્શનો ગોઠવવા અને પ્રાકૃતિક કૃષિના યુનિટ બનાવવા માટે માન. કુલપતિશ્રી દ્વારા સૂચન કરવામાં આવેલ હતુ. વધુમાં તેઓએ વિવિધ પ્રવૃત્તિઓમાં પડતી મુશ્કેલીઓના નિરાકરણ માટે પણ સૂચનો કર્યા અને બધા જ વૈજ્ઞાનિકો તથા વડાને સારી કામગીરી કરવા બદલ પ્રોત્સાહિત કર્યા હતા. આ બેઠકના અંતે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દાહોદના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી દ્વારા સર્વેનો આભાર વ્યક્ત કરી બેઠકની પૂર્ણાહુતી કરવામાં આવેલ હતી.

### બેઠકની ઝાંખીઓ

